# પાલનપુર-ચિત્રાસણી માર્ગ પર ગમખ્વાર અકસ્માતમાં ત્રણના મોત

## ટ્રકનું ટાયર ફાટતા ટ્રક ઝાડ સાથે અથડાઈ : પાછળ આવતી કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર પણ ઝાડ સાથે અથડાઈ



પાલનપુર, તા. ૨૩

પાલનપુર પંથકના ચિત્રાસણી રોડ પર આવેલા રામસીડાના પાટીયા નજીક આજે એક વિચિત્ર માર્ગ અકસ્માત ટ્રક અને કાર વચ્ચે સર્જાયો હતો. જેમાં ત્રણ નિર્દોષ વ્યક્તિના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે ત્રણને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુરના ચિત્રાસણી માર્ગ પર રામસીડાના પાટીયા નજીકથી પસાર થતી ટ્રકનું અચાનક જ ટાયર ફાટતા ટ્રક ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. જેમાં ટ્રકચાલક વિક્રમજી તકાજી કોળીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થવા પામ્યું હતું. જ્યારે આ ટ્રકની પાછળ આવતી એક અર્ટીકા કારના ચાલકે આ ટ્રકની ટક્કરથી ગભરાઈ જતા કારચાલકે કાબુ ગુમાવતા કાર પણ ધડાકાભેર ઝાડ સાથે ટકરાઈ હતી. આ ભયંકર ટક્કરમાં કારના ચાલક ચેતન મફતલાલ માળીનો સેફટી બલુનથી બચાવ થયો હતો અને કારમાં સવાર સાજીદ કુરેશી (ડીસા) અને રમેશ માજીરાણાનુ પણ ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યુંહતું. જ્યારે ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ થતા તુરંત સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.



## ભિલોડા પાસે ડામર સ્પ્રેયર મશીનમાં આગ લાગતા ૭ લાખથી વધુનું નુકશાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખલવાડ ગામ પાસે ડામર સ્પ્રેયર મશીનમાં એકા-એક આગ લાગતા અંદાજીત રૂા.૭ લાખથી વધુનું નુકશાન થયેલ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર ખલવાડ ગામ પાસે બે કલાક સુધી ટ્રાફીક ચક્કાજામ થઈ ગયો હતો. અસહ્ય કાળઝાળ ગરમીમાં વાહનચાલકો હેરાન-પરેશાન બન્યા હતા. શામળાજી-ભિલોડા-ઈડર ધોરીમાર્ગનું પેવર કામ ચાલતું હતુ તે દરમ્યાન એમ.એસ.ખુરાના કોન્ટ્રાક્ટરનું ડામર સ્પ્રેયર મશીન નંબર. જી.જે.૩.ટી. ૭૮૧માં અગમ્ય કારણોસર એકા-એક આગ લાગતા ડામર સ્પ્રેયર મશીન સળગી ઉઠતા ધુમડાના ગોટેગોટા દુર-દુર સુધી પ્રસરી ગયા હતા. ગ્રામજનોએ ઈડર નગરપાલિકામાં ફોન કરી તાબડતોબ ફાયર બ્રિગ્રેડ બોલાવ્યું હતું પરંતુ ફાયર બ્રિગ્રેડ આવે તે પહેલાં તો ડામર સ્પ્રેયર મશીન આગમાં ભસ્મીભુત થઈ ગયું હતું.

# પ્રાંતિજની ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલમાં વાલીઓ-સંચાલકો વચ્ચે હોબાળો

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલમાં ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા માર્કસીટ અને એલસી આપવાની ના પાડતા સ્કૂલમાં હોબાળો થયો હતો.

પ્રાંતિજ ખાતે આવેલ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થીઓને રીઝલ્ટ આવ્યા બાદ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા એલસી માર્કસીટ આપવામાં ના આવતા વાલીઓ અને વિદ્યાર્થીઓએ સ્કૂલમાં જઈને હોબાળો કર્યો હતો. જ્યારે સંચાલકનું કહેવું છે કે અગાઉની ફી બાકી હોવાથી અમે માર્કસીટ અને એલસી આપવાની ના પાડી છે.

ત્યારે વાલીઓ વિદ્યાર્થીઓનું કહેવું છે કે અમને સંચાલક દ્વારા એક સેમેસ્ટરની ફી જે તે સમયે અમે રજુઆત કરતાં ના પાડી હતી અને અમે બહાર ટ્યુશન પર્સનલ લીધુ હતુ. જેથી અમે ફી આપવાની ના પાડી હતી અને સ્કૂલમાં સેમેસ્ટર ચાલ્યુ નથી જેથી અમોએ તે સમયે પણ રજુઆત કરી હતી અને અત્યારે પણ અમે ચોથા સેમેસ્ટરની ફી તો ભરવાના નથી ત્યારે એકબાજુ આવતીકાલે એડમિશન બીએસસીની તલોદ ખાતે ૨૪-૫-૨૦૧૬ મંગળવારના છેલ્લી તારીખ હોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્કૂલમાં દોડી આવ્યા હતા, જ્યારે સંચાલક દ્વારા ટશના મશ ના થતા વાલીઓ તથા વિદ્યાર્થીઓએ હલ્લાબોલ કર્યુ હતુ. જ્યારે હવે જોવાનું એ રહ્યું કે વિદ્યાર્થી વાલીઓને ન્યાય મળશે કે કેમ ?



# ઝાંઝરી પાદરે વાત્રક નદીમાં એક યુવક ડુબી જવાથી મોત નિપજ્યું

બાયડ, તા. ૨૩

ગાંધીનગરથી આ ઘટનાસ્થળે માત્ર ને માત્ર ૫૫ કિલોમીટરના અંતરે આવેલું છે. દર વર્ષે ત્રણ-ચાર વ્યક્તિઓ ડુબી જવાથી મોતને ભેટે છે. આ જગ્યા ઉપર તંત્ર હજુ કેટલા યુવાનોના મોતની રાહ જોઈ રહી છે ?

બાયડ તાલુકાના ઝાંઝરીમાં આવેલી વાત્રક નદીમાં અમદાવાદના સાત વ્યક્તિઓ નાહવા માટે નદીમાં ઉતર્યા હતા. તા. ૨૨-૫-૨૦૧૬ના ૫.૩૦ કલાક પહેલા આ સાત વ્યક્તિઓમાંથી એક વ્યક્તિ જેનું નામ સચીન અરવિંદભાઈ ગાંગોળે (રહે. અમદાવાદ ઉં.વ. ૧૯) તેઓને નદીમાં તરતા આવડતું હોય તેમ મિત્રોને કહી તેમનાથી થોડે દૂર જતા નદીમાં તેઓ ડૂબી જતાં તેમના મિત્રોએ આજુબાજુમાં બચાવ-બચાવ બુમો પાડતા આજુબાજુના સ્થાનિકો ત્યાં પહોચી જઈ સચીન ગાંગોળેને નદીમાંથી બહાર કાઢ્યા પછી ત્યાં તેના મિત્રો અને સ્થાનિકોએ પીઠ પાછળ દબાવી પેટમાંથી પાણી બહાર કાઢ્યું હતું તે સમયે સચિનના મિત્રોએ ૧૦૦ નંબર ડાયલ કર્યો હતો. પણ સાતથી આઠ વખત ફોન કરતાં છેલ્લે ફોન લાગ્યો હતો. તે



સમયે જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમનો નંબર આપવામાં આવ્યો હતો તે પણ નંબર નોટ નીચેબલ આવતો હતો. તેવું તેમના મિત્રો દ્વારા જણાવ્યું હતું. સચીનને ઝાંઝરીથી ૧૪ કિ.મી. દૂર ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવતા ત્યાં સારવાર ન થાય તેવી પરિસ્થિતિ હતી. અને વાત્રક હોસ્ટિપલે સારવાર અર્થે ખસેડતા મોત નિપજ્યું હતું.

ઝાંઝરીમાં વારંવાર અમદાવાદના યુવકો મોતને કેમ ભેટે છે ? આ પાછળ રહસ્યુ શું છે આ મામલે તંત્ર તપાસ કરે અને તંત્ર દ્વારા નદીમાં ન્હાવા ન પડે તે માટે તંત્ર દ્વારા મોટું નોટીસ બોર્ડ મારવામાં આવે તો પર્યટકો તે વાંચે તો પર્યટકો સાવચેત થઈ જાય.

બાયડ તાલુકાના પ્રજાજનોને કહેવું છે કે ઝાંઝરીમાં પવિત્ર યાત્રાધામથી નદીમાં જવાનો રસ્તો ઉપર લોખંડની જાળી મારી રસ્તો બંધ કરવામાં આવે અને ત્યાં ગ્રામ્ય પોલીસ ચોકી બનાવવા માંગો ઉઠી છે. આ મામલે તંત્ર ક્યારે જાગશે ?

# લ્યો, બાયડ જનસેવા કેન્દ્રમાં સીસીટીવી કેમેરામાં માત્ર છત જ દેખાય છે

બાયડ, તા. ૨૩

બાયડ મામલતદાર કચેરી જનસેવા કેન્દ્રના સીસીટીવી કેમેરા દિવાલ ઉપર પી.ઓ.પી.કરેલ છે. અડ્ડો હોય તે માટે કોઈક અસામાજીક વ્યકિતએ કે અન્ય કોઈએ સીસીટીવી કેમેરાની દિશા બદલીને દિવાલ ઉપર પી.ઓ.પી.માં તિરાડ નથી કે શું તે



તેમાં તિરાડ નથી પડી કે શું તેવું જનસેવા કેન્દ્રના સીસીટીવી કેમેરા ઉપરની તરફ દેખી રહ્યા છે.

જનસેવા કેન્દ્રમાં દલાલોનો તરફ જોવા માટે કેમેરાની દિશા બદલી છે કે અન્ય કોઈ કારણસર. શું અંદર જનસેવા કેન્દ્રમાં બીનઅધિકૃત વ્યકિતઓને ફરવાની, બેસવાની અને ચા-પાણી કરવાની કોને છુટી આપી છે. મન ફાવે તેમ બિનઅધિકૃત વ્યકિતઓ જનસેવા કેન્દ્રની ઓફીસના અંદર ઘુસી જઈને પોતાનું કામ કઢાવી લે છે. જનસેવા કેન્દ્રની બહાર દુર દુરથી ગામથી આવતા વાલીઓ, વિદ્યાર્થીઓ, વૃધ્ધો, નગરજનો લાઈનમાં ઉભા રહી અને શિસ્તબધ્ધ રીતે કામ પુર્ણ કરે છે. શું તેમણે ગુનો કરેલ છે તેવો બહાર ઉભા રહી કામ કરે, બિનઅધિકૃત વ્યકિતઓ અંદર ઘુસી જઈને પોતાનું કામ પોતાના જોરથી કામ કઢાવી લે છે. તેના પાછળનું રહસ્ય કંઈક જુદુ લાગે છે. આ મામલે નાયબ કલેકટર, અને જિલ્લા કલેકટર દ્વારા ઓચિંતી જનસેવા કેન્દ્રની મુલાકાતે આવે તો પોલં પોલ ખુલે તેમ છે. શું આ મામલે જનસેવા કેન્દ્રમાં તપાસ થશે કે નહીં તે જોવું રહ્યું?

# ધાનેરામાં રખડતા ઢોરોનો ત્રાસ : પ્રજા પરેશાન

ધાનેરા, તા. ૨૩

ધાનેરા શહેર સહીત રહેણાંક વિસ્તારમાં પણ રખડતા ઢોરોનો ત્રાસ દિવસે ને દિવસે વધતો જાય છે. ત્યારે ક્યારેક ઢોર લોકો પર હૂમલા કરે તો ક્યારેક લોકો પણ ઢોરને મારવાનું ચુકતા નથી. ધાનેરામાં કોઈ અજાણ્યા યુવકે એક આખલાને પગના ભાગમાં તીક્ષ્ણ હથિયારથી હૂમલો કરતા આખલો લોહીલુહાણ હાલતમાં ફરતો હતો. આ મામલો ધાનેરા સુભાષ રોડ તરફ આવતા લોકો દ્વારા ધાનેરાના ગૌસેવકોને જાણ કરતા નટવરભાઈ સહીત અન્ય ગૌસેવકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આખલાને સારવાર આપી વધુ સારવાર મળી રહે તે માટે ટેટેડાની ગૌશાળામાં મોકલી આપ્યો હતો. ત્યારે ગૌસેવકોની આ કામગીરીને લોકોએ પણ બિરદાવી હતી, તો બીજી તરફ ધાનેરાના લોકો કહી રહ્યા છે કે સ્થાનિક તંત્ર દ્વારા રખડતા ઢોરનો કૈક નિકાલ કરવો જોઈએ જેથી કોઈ લોકોને પણ ઈજા ન થાય અને અબોલ પશુ પણ કોઈનો શિકાર ન બને.

# પ્રાંતિજના સાપડથી ભાજપ વિકાસ યાત્રાનો પ્રારંભ

પ્રાંતિજ, તા.૨૩

પ્રાંતિજ તાલુકાના સાપડ ખાતે આવેલ સુપ્રસિદ્ધ મહાકાળી માતા મંદિરેથી ભાજપ વિકાસ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે જે યાત્રા પ્રાંતિજના વિવિધ ગામોમાં જશે.

ભાજપ સરકાર દ્વારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સફળતાના બે વર્ષ પૂર્ણ તથા બે વર્ષના વિકાસના કામોને લઈ પ્રાંતિજ તાલુકામાં આવેલ ગામોમાં નિકળી હતી જેમાં પહેલાં સાંપડથી બોભા ગામે ભાજપ હોદ્દેદારો કાર્યકરો સહિત વિકાસ યાત્રા આવી પહોચી હતી જેમાં બોભા ગામે વિકાસ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતુ અને ત્યાર બાદ ભાજપ સરકારના બે વર્ષ ના વિકાસ ના કામો સહિત માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે અશોક ભાઈ ભાવસાર, સાંસદ દિપસિંહ, જયસિંહ ચૌહાણ, જેઠાભાઈ પટેલ, જે.ડી.પટેલ, જીગ્નેશ ભાઈ પંડયા,સહિત ભાજપ કાર્યકરો હોદ્દેદારો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# શામળાજી વિશ્વકર્મા મંદિરમાં ૬ઠ્ઠો શૈક્ષણિક સેમિનાર યોજાયો

શામળાજી, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે વિશ્વકર્મા મંદિર ખાતે છઠ્ઠો શૈક્ષણિક સેમિનાર પાલ્લા નિવાસી ગીરધરભાઈ રણછોડભાઈ પંચાલના અધ્યક્ષપદે યોજાઈ ગયો. આ સેમિનારમાં ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને પરિણામ બાદ કઈ ફેગકલ્ટીમાં પ્રવેશ મેળવવો તે માટે મોડાસા બ્રાઈટસ્કૂલના નવનીતભાઈ પંચાલ તથા ટેટ અને જીપીએસસીના માર્ગદર્શક તરકવાડાના હિતેષભાઈ કે. પંચાલ ટેટ અને જીપીએસસીના માર્ગદર્શક તરકવાડાના હિતેષભાઈ કે. પંચાલ મહેસાણા ટેલીકોમના અરવિંદભાઈ, કેતનભાઈ, રામાભાઈ વગેરેએ વિદ્યાર્થીઓની પસંદગી વિષયની પસંદગીથી આગળ અભ્યાસ માટે જવા 'પસંદગીથી પ્રવેશ' વિષય ઉપર માર્ગદર્શન આપ્યું હતું. પાલ્લાના મહેન્દ્રભાઈ પંચાલ અને કાર્યક્રમના અધ્યક્ષ ગિરધરભાઈ પંચાલે ટુંકુ પણ જીંદગીભર યાદ રાખવા જેવુ સૂચન એ હતું કે દરેક વહેલી સવારે ૩ થી ૬ વાગ્યા સુધી વાંચન કરવાથી વધારે યાદ રહેશે અને પોતાની પસંદગીના વિષય આધારે આગળ એડમીશન લેવા માર્ગદર્શન આપ્યું હતું.

વધુમાં બોલુંદરા અનો મોડાસાની બહેનો દ્વારા વાજીંત્રના નાદે ભજનકિર્તનની રમઝટ વિશ્વકર્મા મંદિરે બોલાવી હતી. સતત ૩ કલાક સુધી નોન સ્ટોપ ભજનથી ડુંગરમાં પણ પડઘા પડ્યા હતા. પ્રવાસીઓ પણ મુગ્ધ બની ગયા હતા. અહીં દર પૂનમે જુદા જુદા ગામની બહેનો દ્વારા ભજનકિર્તન થાય છે અને પૂનમે કોઈપણ દર્શનાર્થી આવે તો પણ જમણવાર આપવામાં આવે છે. આ રીત છેલ્લા ૧ વર્ષથી સતત ચાલુ જ છે. વળી ટીંટોઈના હસમુખભાઈ પંચાલે કલ્પાણનિધિમાં હાલ ૫૧૦૦ આપવામાં આવે છે તેના બદલે દાન ઘરદીઠ ઉઘરાવાય તો દસ હજાર જેટલી મદદ કરી શકાય તેવો પ્રસ્તાવ મુક્યો હતો. આ સેમિનાર-ભજનક્રિયા અને કલ્યાણનિધિની કામગીરી માટે પ્રમુખ-મંત્રી અને કારોબારીએ સારી જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગર તાલુકામાં વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૩

ભારત અને રાજ્ય સરકારના બે વર્ષના શાશનકાળ દરમ્યાન થયેલ વિકાસકામોને લઈ ભાજપ દ્વારા વિકાસ ગૌરવયાત્રા કાઢી લોકોને સરકાર દ્વારા કરવામાં આવેલા કામોની જાણકારી આપવા માટે તેમજ પ્રશ્નો સમજવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આંજે ૨ ઉમીથી હિંમતનગર તાલુકામાં વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં સાબરકાંઠાના સાંસદ દીપસિંહ રાઠોડ અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જોડાઈને ભારત અને રાજ્ય સરકાર દ્વારા થયેલ વિકાસ કામો અને પ્રજાલક્ષી યોજનાઓની લોકોને માહિતી આપી હતી.

વિકાસ ગૌરવ યાત્રાનો હિંમતનગર તાલુકાના રામપુર ગ્રામથી પ્રારંભ થયો હતો. જે યાત્રા ખેડ, ગાંભોઈ, રૂપાલ, હાપા, ઈલોલ, પ્રેમપુર થઈ હડીયોલમાં સમાપન થયું હતું. વિકાસ ગૌરવ યાત્રાનું ગામડાઓના ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. અને લોકો ઉમળાકાભેર યાત્રામાં જોડાયા હતા.

તાલુકાના વિકાસકામોની ઝાંખી આપતા હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતુ કે તાલુકામાં વિકાસના કામોએ વેગ પકડ્યો છે. રૂ. ૨ હજાર કરોડના વિકાસ કામોનું આયોજન થયેલ છે. જેમાં ઘણા કામો પુર્ણ થયા છે અને કેટલાક કામો પ્રગતિમાં છે. હિંમતનગરથી મહેસાણા હાઈવેના કામ માટે ૩૫૦ કરોડ તેમજ હિંમતનગરથી અંબાજી હાઈવે માટે ૩૬૦ કરોડ રૂપિયા સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા છે. આ માર્ગો બનતા તાલુકાનો વિકાસ ઝડપી બનશે.

વિકાસ ગૌરવ યાત્રામાં જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, પૂર્વ ગૃહમંત્રી પ્રફુલભાઈ પટેલ, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ સહિત ભાજપના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# શામળાજી ભકતજન મંડળના કન્વીનરે મેશ્વો ડેમમાંથી પાણી છોડવા જળસમાધીની ચીમકી

મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા મેશ્વો ડેમમાંથી પાણી છોડી કાંઠા વિસ્તારમાં પાણીની સમસ્યા નિવારવા માટે લડત લડતા શામળાજી ભકતજન મંડળના કન્વીનરે વારંવાર સિંચાઈ વિભાગમાં રજૂઆત કરવા છતા સિચાઈ વિભાગ દ્વારા આંખ આડે કાન કરતા શામળાજીના કાંઠા વિસ્તારના ગામડાઓમાં પીવાના પાણીની અને પશુઓ માટે વાપરવા માટેની તંગી સર્જાતા ભકતજન મંડળના કન્વીનરે જળસમાધી લેવાની ચીમકી ઉચ્ચારતા સિંચાઈ વિભાગ તંત્ર સફાળા જાગી તંત્ર અને સરકારની આબરૂના લીરેલીરા ઉડતા બચાવવા કન્વીનરને ૩૦ એપ્રિલ સુધીમાં મેશ્વો ડેમમાંથી પાણી છોડવાની મૌખિક



હેયાધારણા આપતા કન્વીનરે જળસમાધિ લેવાનું મોકુફ રાખ્યું હતું. પરંતુ સિંચાઈ વિભાગની હેયાધારણા લોલીપોપ હતી અને મેશ્વે જલાગારે પાણી છોડવા માટે કન્વીનરે પત્ર લખી ૩૦.૪૧ લાખ રૂપિયા ચાર્જ ભરવા જણાવતા શામળાજી ભકતજન મંડળ અને કાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં રોષની લાગણી ફેલાઈ છે.

શામળાજી પંથકના અને મેશ્વો ડેમના કાંઠાના વિસ્તારોમાં દર વર્ષે ઉનાળાની શરૂઆતથી જ કુવા અને બોરમાં પાણીના સ્તર નીચે જતા ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની તંગી વર્તાવા લાગે છે. તદઉપરાંત યાત્રાધામ શામળાજી ખાતે પિતૃતર્પણ માટે આવતા અસંખ્ય શ્રધ્ધાળુઓ પણ મેશ્વો નદીમાં પાણીના અભાવે નારાજ થઈને પાછા ફરે છે જેથી આ પાણીની વિકટ સમસ્યા નિવારવા વર્ષોથી મેશ્વો નદીમાં પાણીનો પ્રવાહ જીવંત રાખવા લડત લડતા ભકતજન મંડળના કન્વીનર મનુભાઈ પટેલે પાણી છોડવા રજૂઆતો કરી પાણીની તંગી નિવારવા જળ સમાધી લેવાની ચીમકી ઉચ્ચારી હતી ત્યારે તંત્ર દ્વારા ૩૦ એપ્રિલ સુધી પાણી છોડવા મૌખિક હેયાધારણા અપાયા બાદ આ આંદોલન મોકુફ રખાયું હતું. બીજી બાજુ સિંચાઈ યોજના વિભાગ મેશ્વો જલાગારે પાણી છોડવા માટે કન્નવીનર અને જિલ્લા પંચાયત પ્રમુખને પત્ર લખી જણાવ્યું છે કે નદીમાં ૧૫ કયુસેક પાણીનો પ્રવાહ છોડવામાં આવે તો પાણીનો કુલ જથ્થો ૪૧.૪૭૨મી. ઘનફૂટ થાય છે અને આ પાણીનો ચાર્જ ૩૦.૪૧ લાખ થાય છે તે ભરો પછી છોડાશે ત્યારે સરકારની આ બેધારી નીતીથી નારાજ કન્વીનરે જણાવ્યું હતું કે કોઠા વિસ્તારના ગામોની દર વર્ષની સમસ્યા તેમજ યાત્રાધામ ખાતે ધાર્મિક વિધીઓ માટે આવતા યાત્રીકોના હક્કોના રક્ષણ માટે જરૂર જણાયે નામદાર હાઈકોર્ટના દ્વાર ખટખટાવવાનું જણાવાયું હતું ને પ્રજાની પાણીની તંગીની સમસ્યા નિવારવા સતત લડત લડવા મકકમ હોવાનું જણાવ્યું છે.



## સિંચાઈ વિભાગે લોલીપોપ બતાવી ૩૦.૪૧ લાખ રૂપિયા ભરવા જણાવ્યું